અપીલ અરજી નં.૩૩૮ તા.૧૧–૨–૦૯

અરજદારઃ શ્રી જયપ્રકાશ ગુપ્તા

સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયપ્રકાશ ગુપ્તાની તા.૯–૧–૦૯ ની અરજીથી પ્લોટ નં.૨૦૫ સુખીનગર બમરોલી રોડ પાંડેસરા સુરત નામ ફેરફાર હેતુમાં જમાં કરાવેલ દસ્તાવેજ ની પ્રમાણિત નકલ આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૧–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૩૮/૨૦૦૮–૦૯

શ્રી જયપ્રકાશ ગુપ્તાની તા.૯–૧–૦૯ ની અરજીથી પ્લોટ નં.૨૦૫ સુખીનગર બમરોલી રોડ પાંડેસરા સુરત નામ ફેરફાર હેતુમાં જમાં કરાવેલ દસ્તાવેજ ની પ્રમાણિત નકલ આપવા બાબતે માહિતી નહીં મળેલ હોવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૨૦ તા.૨૦–૨–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસધાને તેઓ તરફથી પત્ર નં. સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૧૬૧૯ તા.૨–૩–૦૯ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની તા.૯–૧–૦૯ ની અરજીથી પ્લોટ નં.૨૦૫ સુખીનગર બમરોલી રોડ પાંડેસરા સુરત નામ ફેરફાર હેતુમાં જમાં કરાવેલ દસ્તાવેજ ની પ્રમાણિત નકલ આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૩–૨–૦૯ ના પત્રથી માંગેલ માહિતી દસ્તાવેજી નકલ માટે રૂ.૨૪/– જમાં કરાવી માહિતી મેળવી લેવા જણાવેલ. જે નાણા અરજદાર તરફથી તા.૨૦–૨–૦૯ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ જે અંગે પત્ર નં.સા.ઝોન/અકણ/૧૫૮૯ તા.૨૪–૨–૦૯ ના રોજ અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ જણાય છે. જેમાં પ્લોટ નં.૨૦૫ સુખીનગર સોસા. ના કબ્જેદાર તરીકે બ્રીજલાલ રામકેવલ યાદવ રહે.પ્લોટ નં.૨૦૬ ના નામે દાખલ છે એટલે કે તેઓ ત્રાહિત પક્ષકાર હોય આરટીઆઈની કલમ–૧૧ હેઠળ માંગેલ માહિતી અરજદારને આપવી કે કેમ? તે અંગે તા.૩૧–૧–૦૯ થી લેખિત અભિપ્રાય તા.૯–૨–૯ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે કચેરીમાં રૂબરૂ આવી આપી જવા જણાવેલ પરંતુ તેઓએ તેમ કરેલ નહીં. જેને અનુલક્ષી જાહેર માહિતી અધિકારી ધ્વારા કલમ–૧૧ હેઠળ ઠરાવેલ જોગવાઈની સમય મર્યાદામાં માહિતી પૂરી પાડયાનું જણાય છે.

### *હુકમ*

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૯–૧–૦૯ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી સબંધિત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મૂળ અરજીની માહિતી સંદર્ભમાં માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજીમાં કોઈ હુકમ કરવાનો રહેતો નથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી જયપ્રકાશ ગુપ્તા,